જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૮/૨૦૨૩  સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૨૮૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૦૯ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૫ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ રિક્ષા, ૧ લોડીંગ ટેમ્પો, ૩ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૬૧,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૨૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ત્યજી દિધેલ શિશુ મળી આવવા બાબતઃ-  સમાચાર યાદી નં.૧૨૯૧/૨૦૨૩

**શહેરકોટડાઃ** તા.૦૬/૦૮/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા બાપુનગર કાકડીયા હોસ્પિટલ ની પાછળના ભાગે આવેલ એ.સી.ના આઉટડોરના સ્ટેન્ડ ઉપર નવજાત જન્મેલ શિશુ ત્યજી દિધેલ જીવીત હાલતમાં બિનવારસી મળી આવતા શહેરકોટડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

**મણીનગરઃ** તા.૦૬/૦૮/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા મણીનગર રેલ્વે સ્ટેશન પાસે બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે એ.એમ.ટી.એસ બસ ટર્મીનલ રૂટ નંબર-૩૦ કર્ણાવતી ચોકથી ન્યુ નારોલ બસ સ્ટેશન પાછળના ભાગે તાજી જન્મેલી બાળકી મૃત હાલતમાં ત્યજી દિધેલ બિનવારસી મળી આવતા મણીનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૨/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટ**ઃ છરોડી એસ.જી.હાઇવે છારોડી પાટીયા પાસે નેપચ્યુન ઈલાઈટ નામની નવી બનતી સાઈટની લેબર કોલોની ખાતે રહેતા નરૂભાઈ રામચંન્દ્ર ભુરિયા (ઉ.વ.૨૦) (મુળ વતન. મોટીનાટ ગામ.બાવકા જેસાવાડા દાહોદ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે “નેપચ્યુન ઈલાઈટ” સાઈટની બાજુમા ખેતર નજીક ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિકંદરભાઇ જસુભા ચલાવે છે.

**બાપુનગર**ઃ હર્ષદભાઈ મણિલાલ પરમાર (ઉ.વ.૪૮)(રહે.સુર્યનગર સોસાયટી, મમતાનગર પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૩ રાતના ૨/૦૦ વાગ્યા પહેલા બાપુનગર ૧૩૭ છેલ્લા બસ સ્ટેન્ડ સામે કર્ણાવતી કોમ્પ્લેક્ષના પહેલા માળે “શિવમણી એકેડમી” ટ્યુશન કલાસીસ ખાતે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.રાવલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી